eduresourceza.com

Downloaded from eduresourceza.com

NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2017

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours　　　　　　　　　　　　　　　　　　80 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 9 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and to present your work neatly.

---

eduresourceza.com

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

**SECTION A**

પ્રશ્ન-૧ નીચેનો ગદ્ય વાંચીને આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.

## પોપટમંદિર



એક રાજાએ પોપટ પાળ્યો અને તેને ભણાવવા પંડિતો રાખ્યા. સામાન્ય ઘરના પોપટ તો 'સીતારામ' 'સીતારામ' એવું જ કંઈક બોલે. આ તો રાજાનો પોપટ, અને તેને ભણાવવા મોટા પંડિતો રાખેલા, એટલે તે તો ઘણું ઘણું બોલતાં શીખ્યો. મોટાં મોટાં વાક્યો બોલે અને લાંબા લાંબા શ્લોકો પણ લલકારે.

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

પોપટ નાસી ન જાય અને ડાહ્યો થઈને પઢતાં શીખે તે માટે રાજાએ તેને પાંજરામાં રાખ્યો. રાજાને ઘેર ક્યાં ખોટ હતી? તેણે તો પોતાના પોપટ માટે સોનાનું પાંજરું ઘડાવ્યું. એમાં હીરામાણેક જડાવ્યાં. તેમાં પોપટને ખાવાપીવા માટે રૂપાની વાડકીઓ રાખી. પોપટની શાળાનું 'પોપટમંદિર' એવું સરસ નામ પાડ્યું. પંડિતો રોજ બરાબર શીખવી શકે એટલા માટે પંડિતોને રહેવા માટેય સરસ ઓરડા બંધાવી આપ્યા.

અવારનવાર રાજા પોપટનો અભ્યાસ જોવા આવે. પંડિતો તરત ઊભા થાય. પાંજરામાં પુરાયેલો પોપટ પઢાવેલું બધું બોલવા માંડે. રાજા ખુશ થાય. 'વાહ! વાહ! પંડિતો, આપે મારા પોપટને બહુ સારું શિક્ષણ આપ્યું.'

પણ કોઈ કે ગામમાં વાત ચલાવી: 'પોપટનું બરાબર ચાલતું નથી. એના શિક્ષણમાં કંઈક ખામી છે.'

રાજાને કાને આ વાત પહોંચી. રાજા વિચારમાં પડ્યો. બીજે દિવસે પંડિતોને બોલાવ્યા, 'કેમ પંડિતો, પોપટનું શિક્ષણ કેમ ચાલે છે?'

'રાજાજી, બરાબર, બધું જ બરાબર છે!' બધા પંડિતો બોલી ઊઠ્યા. તેમણે ગોખાવી ગોખાવીને શીખવેલા શ્લોકો પોપટ પાસે પઢાવી બતાવ્યા.

પોપટ ભણે ખરો, બોલે પણ બરાબર, પણ પાંજરામાં પુરાયેલો એટલે બિચારો હિજરાય. પરમેશ્વરે ઊડવા માટે પાંખો આપી, પણ પાંજરામાં તે કેમ વાપરી શકાય! બહારનું ખુલ્લું આકાશ, ઝાડ અને વેલા, કલ્લોલ કરતાં પંખીઓ, એ બધું રોજ પોપટ જોયા કરે અને બહાર ઊડી જવા ઝંખે. પરંતુ પંડિતો આવે ત્યારે બાપડો ડાહ્યો થઈ 'પાઠ' ભણવા મંડી જાય. પંડિતો જાય એટલે પગમાં બાંધેલી સાંકળો ચાંચ વતી કરડે, સળિયા બહાર ચાંચ કાઢી ધીમું ધીમું રડે.

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

અને છતાં પંડિતો તો રાજાને હંમેશ જણાવે: 'બરાબર છે, બધું જ બરાબર છે.'

પંડિતોને પગારો બરાબર મળતા રહે છે, પોપટને 'પાઠો' બરાબર ભણાવવામાં આવે છે, રાજાને સંતોષ મળતો રહે છે; છતાં પોપટ તો પાંજરામાં ઝૂર્યા કરે છે; એનો ઉત્સાહ ચાલ્યો ગયો છે; એનો આનંદ ઓસરી ગયો છે. રૂપાની વાડકીમાં મૂકેલાં તાજાં મરચાં કે પાકાં જમરૂખ અને જાંબુ ઘણી વખત એમ ને એમ પડ્યાં રહે છે.

અવારનવાર પોપટની પરીક્ષા લેવાય છે અને તેનાં પરિણામ રાજા પાસે પહોંચાડવામાં આવે છે. એટલે પોપટના પાંજરા પાસે પણ જવાની હવે તો તેને જરૂર રહી નથી. પંડિતો જ 'બરાબર છે, બધું જ બરાબર ચાલે છે,' એમ કહી દે છે. તે જાણી રાજા ખુશ થઈ પોપટના પાંજરામાં વધારે ને વધારે મોંઘાં હીરામાણેક મઢાવી આપે છે.

છતાં ગામમાં તો વાતે વધારે જોર પકડ્યું. 'કહો કે ન કહો, પણ રાજાના પોપટને કંઈ ઠીક નથી.'

રાજા આવી અફવાઓ સાંભળી ખિજાઈ ગયો: 'અરે કોણ છે આવું બોલનારો?'

ફરી પાછો રાજા 'પોપટમંદિરે' ગયો. આ વખતે તો તે ઠેઠ પોપટના પાંજરા પાસે ગયો. પોપટ ચૂપ હતો, હાલતો ન હતો, ચાલતો ન હતો. રાજાએ પોતાની લાકડી પાંજરામાં ખોસી પોપટને ઢંઢોળ્યો.

પોપટ બોલ્યો નહિ, ફક્ત ખર ખર ખર તેની પાંખો ખખડી ઊઠી. જાણે કે અત્યાર સુધી ભણેલાં શાસ્ત્રોનાં પાનાં અવાજ કરી ઊઠ્યાં!

પોપટમાંથી પ્રાણ ઊડી ગયા હતા. હવે એને ભણવાનું કશું જ બાકી રહ્યું નહોતું.

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

**અઘરાં શબ્દો:**

લલકારે = મોટા અવાજે ગાય

રૂપાની = ચાંદીની

ઢંઢોળ્યો = જગાડવા માટે હલાવ્યો

કાને વાત પહોંચી= વાત મળી

હિજરાય = બળ્યા કરે

મઢાવી = નંખાવી

પ્રાણ ઊડી જવા = મરી જવું

અફવા = વાત ફેલાવી

પઢવું = ભણવું

ઓસરવું = ઘટવું, ઓછું થવું

૧.૧ રાજાએ શું પાળ્યું ? તેને ભણાવવા કોને રાખ્યા ? (2)

૧.૨ રાજાનો પોપટ શું શું બોલે ? (2)

૧.૩ રાજાએ પોપટ માટે શું શું કરાવ્યું ? (3)

૧.૪ ગામમાં કોઈકે શું વાત ચલાવી ? (3)

૧.૫ પોપટ પાંજરામાં કેમ હિજરાતો હતો ? (3)

૧.૬ સોનાના પાંજરા, હીરા માણેક અને મોટા પંડિતો એ બધું પોપટને માટે ઊપયોગી હતું ? (2)

૧.૭ પોપટને ખરેખર શું જોઈતું હતું ? (4)

૧.૮ ફરી પાછો રાજા 'પોપટ મંદિર' ગયો ત્યારે પોપટ શું કરતો હતો ? (3)

૧.૯ અહીં પંડિતોની અને રાજાની ક્યાં ભૂલ થતી હતી ? (3)

૧.૧૦ નીચે આપેલા વાક્યો સાચા છે કે ખોટાં તે જણાવો.

૧.૧૦.૧ રાજાનો પોપટ મોટા વાક્યો અને શ્લોકો ગાતો હતો. (1)

૧.૧૦.૨ રાજાએ પોપટ માટે લાકડાનું પાંજરું બનાવ્યું હતું. (1)

૧.૧૦.૩ પંડિતો આ પોપટને સારું શિક્ષણ નહોતા આપતા. (1)

૧.૧૦.૪ પોપટને પાંજરામાં બહુ મજા પડતી. (1)

૧.૧૦.૫ છેલ્લે પોપટ પાંજરુ છોડી આકાશે ઊડી ગયો. (1)

**30 marks**

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

**SECTION B**

પ્રશ્ન-૨ નીચે આપેલો ફકરો વાંચી સંક્ષેપલેખનકરો.
( છ થી સાત વાક્યો)

સીધી લીટીમાં, મોતીના દાણા જેવા લખેલા સુંદર અક્ષર કેવા શોભે !

ગાંધીજીએ પોતાની જીવનકથામાં જણાવ્યું છે કે, સારા અક્ષરે લખતાં ન આવડે ત્યાં સુધી કેળવણી પૂરી થઈ ન કહેવાય. તેમના પોતાના અક્ષર ખરાબ હતા. પાછળથી તેમણે અક્ષર સુધારવા ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ પહેલેથી ખરાબ અક્ષર લખવાની ટેવ પડેલી, એટલે તેઓ બહુ ફાવ્યા નહિ. તે ઉપરથી તેમણે સૌ વિદ્યાર્થીઓને ચેતવણી આપી છે કે, સારા અક્ષર લખવાની ટેવ નાનપણથી જ પાડવી જોઈએ.

ઘણા માની બેસે છે કે, અક્ષર તો કુદરતી હોય છે; તેમાં સુધારો કરવો એ આપણા હાથની વાત નથી. આ વાત સાચી નથી. અક્ષરો પ્રયત્નથી જરૂર સારા કરી શકાય. વળી ગમે તેવા હોય

| |
|---|
| સત્યનું સેવન ન કરે તે સત્યનું બળ કેમ દેખાડી શકે? બોલે સત્યની તો બરોબર જરૂર પડશે જ ગમે તેટલું નુકસાન થતું હોય તો પણ સત્યને નહિ છોડી શકાય સત્યને કંઈ સંતાડવાનું ન જ હોય, |

તોપણ આપણે સ્થિર હાથે અને ડાઘડૂઘ વિના લખીએ, તો તે વાંચી શકાય અને સુંદર દેખાય.

અક્ષર એ એક જાતનું ચિત્ર છે. સુંદર અક્ષર કાઢવા હોય તો તમારી આંગળીઓને ચીતરવાની કળા શીખવી દો.

**10 marks**

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

**SECTION C**

પ્રશ્ન–૩

અ. નીચે આપેલી જાહેરખબર વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.




Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

૩.૧ આ જાહેરખબર શેના વિશે છે ? (3)

૩.૨ સૌથી ઉપર શું સંદેશ છે ? (4)

૩.૩ આ વસ્તુ કઇ સાઇઝના પેકમાં મળે છે ? (3)

૩.૪ આ જાહેર ખબર કઇ કંપનીની છે ? (3)

૩.૫ સૌથી નીચે શું સંદેશ છે ? આ વસ્તુનો ઉપયોગ શેમાં થાય છે ? (4)

૩.૬ આ જાહેરખબરમાં તમને શું ગમ્યું છે ? (3)

**[20]**

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

બ. નીચે આપેલા ચિત્રનું તમારા શબ્દોમાં પાંચ થી સાત
લીટીમાં વર્ણન કરો.



[20]

40 marks

Downloaded from eduresourceza.com